**રે.દી.મુ.નંબર–૩૮/૨૦૨૦**

**આંક–૧૯ ની સી.પી.સી.ઓ.૭ રૂલ–૧૧ ની અરજી અન્વયે હુકમ**

**૧.** આ કામનાં વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૨ વિરૂધ્ધ જાહેરાતનો તથા કાયમી મનાઈ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે. જે દાવામાં પ્રતિવાદીઓને સમન્સ બજતા પ્રતિવાદીઓ તરફે હાજર થઈ દાવાનો જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજુ કરેલા છે. પ્રતિવાદી નં.૧ શામી શબ્બીર ગોધરાવાલા હાજર થઈ સદર કામે આંક–૧૯ થી હાલની અરજી ઓ.૭ રૂલ ૧૧ હેઠળ વાદીનો દાવો રદ કરવા એવા કારણની આપેલ છે કે,

વાદી ધ્વારા હાલનો દાવો દાખલ કરી મોજે લુણાવાડા તાલુકાના ગામ ભાયાસરની સર્વે નં.૮૫/૧ ની જમીન અંગેના વ્યવહાર ગેરકાયદેસર અને માલીકી હકક વિનાના હોય રદૃ કરવા દાવો દાખલ કરેલો જેમાં તા.૨૧/૦૬/૨૦૧૨ ના રોજ થયેલ વેચાણ દસ્તાવેજ નં. ૬૦૦/૨૦૧૨ ને પડકારેલ જે દસ્તાવેજ લુણાવાડા કચેરીમાં નોંધાયેલો છે. સમય મર્યાદાના કાયદાની જોગવાઈ મુજબ ત્રણ વર્ષની સમય મર્યાદામા તેઓએ સદર દસ્તાવેજ રદૃ કરવા માટે દાવો દાખલ કરવો પડે. જેના બદલે હાલનો દાવો ૮ વર્ષ બાદ સમય મર્યાદા પુરી થયાના પછી દાખલ કરેલો હોવાથી સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ ડી મુજબ દાવો રદૃ થવા પાત્ર છે દાવો રદ કરવા અરજ કરેલ છે.

**૨.** આ અંગે વાદીને નોટીસ કરતાં વાદીએ આંક–૩૦ થી જવાબ રજુ કરી અરજીનો વિરોધ કરેલ છે અને મુખ્ય તકરાર એવી લીધેલ છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો નથી અને દાવાઅરજીમા દાવાનુ કારણ તા.૧૫/૩/૨૦૨૦ ના રોજ ઉત્પન્ન થયેલ છે તે હકીકત સ્પષ્ટ દર્શાવેલી છે. તથા દાવાવાળી મીલકતની હદપાળી એ પુરાવાનો વિષય છે. જેથી હાલની પ્રતિવાદીની અરજી મેઈન્ટેનેબલ નથી તેમ જણાવી અરજી રદૃ કરવા અરજ કરેલ છે.

**૩.** પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વકીલશ્રી પોતાની અરજીના સમર્થનમાં આંક–૩૭ થી લેખીત દલીલ રજુ કરેલ છે અને વધુમાં એવી હકીકત જણાવેલ છે કે, વાદીનો દાવો સમય મર્યાદા બહાર હોય ચાલવાપાત્ર નથી. વાદીએ ચતુરાઈ પુર્વક દાવો ડ્રાફટ કરીને સમય મર્યાદાના બાધને ખોટી રીતે જણાવી દાવો સમય મર્યાદામાં દર્શાવેલો છે એમ જણાવી પોતાના સમર્થનમા નામદાર ગુજરાત હાઈકોર્ટનો <u>કોકીલાબેન શંકરભાઈ વિરુધ્ધ ગંગારામ સાકરભાઈ </u>નો ચુકાદો ટાંકી એવી રજુઆત કરેલી છે કે, સમય મર્યાદાના કાયદાના આર્ટીકલ ૧૫૮ તથા ૧૫૯ મુજબ વાદીનો દાવો કરવાનો અધિકાર

તા.૨૬/૦૪/૨૦૦૯ ના રોજ પુર્ણ થઈ ગયેલ છે તેમ છતા ચતુરાઈ પુર્વક દાવો ઘડીને આવેલા છે. જેથી ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો પ્રમાણે દાવો રદ્દ થવાપાત્ર છે.

**૪.** વાદી તરફે વિ.વકીલ શ્રીએ પ્રતિવાદીની અરજીનો વિરોધ કરી એ મુજબની દલીલ કરેલ છે કે, આંક–૩૦નો જવાબ અમારા દલીલનો ભાગ ગણવો અને વધુમા જણાવે છે કે પ્રતિવાદીની અરજીમાં જે કારણો દર્શાવેલા છે તે દાવાનુ કારણ અને સમય મર્યાદા બાબતનુ છે તે પ્રશ્ન મીક્ષ કવેશ્ચન ઓફ લો એન્ડ ફેકટ છે. જેથી જયા સુધી પુરાવા લેવામા ન આવે ત્યા સુધી તેની ચર્ચા થઈ શકે નહી. વધુમાં જણાવે છે કે, કહેવાતુ વેચાણ અમો વાદીની જાણ બહાર થયેલુ છે. દાવાવાળી મીલકત એ અમારી માતૃશ્રીની વારસાગત મીલકત હતી અને તેમા અમારી માતાનુ નામ પણ રેવન્યુ રેકર્ડમાં હોવા છતાં આ કામના પ્રતિવાદી નં.૧ કે જેઓ વાદીના મામા થાય છે જેઓએ હકક ડુબાડવા ખોટી રીતે દસ્તાવેજ કરેલો છે જેની જાણ અમોને સમયસર થયેલી નથી. દાવાવાળી મીલકતનો કબજો અમારી પાસે હતો અને કહેવાતો દસ્તાવેજ કબજા વગરનો દસ્તાવેજ છે. કહેવાતા દસ્તાવેજની ચતુર્થ દિશા અને અમારી જમીનની ચતુર્થ દિશા અલગ અલગ છે. કોર્ટ કમીશ્નર ઘ્વારા પણ પંચનામામા દાવાવાળી મીલકત અમારા કબજે દર્શાવેલી છે. વધુમાં જણાવે છે કે, કોઝ ઓફ એકશન અમે દાવામા દર્શાવેલો છે. એમ પોતે <u>૨૦૧૮ છોટાબેન વિરુધ્ધ કીરીટભાઈ જયસુખલાલ</u> ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. તેમ જણાવી પ્રતિવાદીની અરજી ના–મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૫.** આમ ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લઈએ તો પ્રતિવાદી તરફે હાલની અરજી ઓ.૭ રૂલ ૧૧ હેઠળ મુખ્યત્વે એ મુજબની તકરાર છે કે વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે. જેથી સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ ઘ્યાને લઈએ તો તે નીચે મુજબ છે ..

**O.7 : PLAINT**

R.11 Rejection of plaint -The plaint shall be rejected in the follwing case :-

(a) where it does not disclose a couse of action;

(b) Where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the court to correct the valuation within a time to be fixed by the court, fails to do so;

(c) where the relief claimed is properly valued, but the plaint is returned upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the court to supply he requisite stamp-paper within a time to be fixed by the court, fails to do so;

***<u>(d) Where the suit appear's from the statement in the plaint to be barred by any law.</u>***

*(e)* ***

*(f)* where the plaintiff fails comply with the provision of Rule 9.

Provided that the time fixed by the court for the correction of the valuation or supplying of the requisite stamp papers shall not be extended unless the court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature from correcting the valuation or supplying the requisite stamp papers, as the case may be within the time fixed by the court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff.

આમ ઉપરોકત રૂલ ૧૧ ઘ્યાને લઈએ તો A થી F સુધીના અલગ અલગ કારણોસર વાદીનો દાવો રદ્દ કરી શકાય. આ કામે પ્રતિવાદી દવારા કરેલી દલીલ પ્રમાણે હાલની અરજી રૂલ ૧૧ ડી પુરતો નકકી કરવાનો રહે છે.

૬. આમ ઉપરોકત દલીલો અંગેની ચર્ચા કરતા પહેલા પ્રસ્થાપીત થયેલ સિઘ્ઘાંત ઘ્યાને લેવા જરૂરી છે જે એ મુજબ છે કે,

<u>Settled Principal of law relating to this application:</u>

Furthermore it is required to see legal position involved in Present suit. It is well settled law that the plaint & the documents submit along with the plaint are required to be seen at the time of deciding an application for rejection of plaint. And the defenses taken by the defendants in the written statement are not to be considered at the time of rejecting or refusing to reject the plaint. It is also well settled law that if looking the plaint it appears that the suit of the plaintiff is patently barred by any law then it can be rejected at any stage of the suit.

આમ ઉપરોકત સિઘ્ઘાંત પ્રમાણે વાદીની દાવા અરજી તથા રેકર્ડ ઉપર ઉપલબ્ધ હકીકતના આધારે જ નકકી કરવાની થાય છે. બચાવ પક્ષ કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવે તો તે ઘ્યાને લેવાનો નથી.

૭. આમ, પ્રતિવાદી તરફે મુખ્યત્વે વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧ (ડી) મુજબ કાઢી નાંખવા દલીલ કરી છે કે, વાદી દવારા કેહવાતો દાવો વેચાણ દસ્તાવેજ રજી.નંબર–૬૦૦/૨૦૧૨ તા.૨૧/૦૬/૨૦૧૨ ના દસ્તાવેજ ના રદ્દીકરણ કરવા અંગેનો છે. દસ્તાવેજ રજીસ્ટર થયાથી ડીમ્ડ નોલેજ ગણાય અને સમયમર્યાદા ત્યાંથી જ શરૂ થાય. જે દાવો દાખલ કરવાના દીવસે ત્રણ વર્ષથી વઘુ સમય પુર્ણ થઈ ગયેલ હતા.

વાદી તરફે એ મુજબની દલીલ છે કે, દાવાવાળી મીલકતના કહેવાતા દસ્તાવેજ બાબતે અમો

પક્ષકાર હતા નહી. જેથી દસ્તાવેજ રજીસ્ટર થયેલ હોય તેની જાણ અમોને ૧૩૫ (ડી) ની નોટીસ થી જ થઈ શકે. તેવી કોઈ નોટીસ અમોને મોકલવામા આવેલી નથી. જેથી આ વ્યવહારની જાણ થતા અમે સમયમર્યાદામા દાવો દાખલ કરેલ છે. તથા સમયમર્યાદાનો પ્રશ્નએ કાયદાનો પ્રશ્ન નથી. પરંતુ MIXED QUESTION OF LAW AND FACT નો પ્રશ્ન છે. જે પુરાવો લીધા વીના નકકી થઈ શકે નહી.

૮. આમ ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતાં કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, આ કામે રજુ નીશાની–૩/૬ ના દસ્તાવેજમા વાદીની માતા નાથીબેનનુ નામ મીલકતના વ્યવહાર સંબઘે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હતુ તે હકીકત પ્રતિવાદીએ રેકર્ડ પર લાવે તો જ વાદીની વિરૂઘ્ઘ ડીમ્ડ નોલેજનું પ્રિઝમ્સન થઈ શકે. પ્રતિવાદી એ હકીકત રેકર્ડ પર લાવવામા સફળ થયા નથી. વઘુમા નામદાર વડીઅદાલતનો ચુકાદો <u>*રૂષીત મોદી વિરૂઘ્ઘ સુરત પીપલ્સ કો.ઓ.બેન્ક*</u> *તા. ૧૧/૬/૧૨ નાં પેરા ૮* મુજબ છે કે, Question of limitation is a mixed question of law and fact. Ex facie in the present case on the regarding of the plaint it can not be held that the suit is barred by time. અને કોઝ ઓફ એકશન સમયમર્યાદા બહાર છે તે નકકી કરવા પ્લેન્ટ ની બહાર જઈ શકાય નહી. દાવા નું કારણ જે દાવાઅરજી માં દર્શાવેલુ હોય અને તે કારણ ને સમયમર્યાદા નાં કાયદાનો બાઘ નડતો હોય તો રૂલ ૧૧ ડી મુજબ હુકમ થઈ શકે.

વાદી તરફે રજુ ચુકાદો <u>Chotaben v/s Kiritbhai Jalkrushnabhai, SPECIAL CIVIL APEAL NO.35/2018 Dt.10/4/2018,</u> સદર ચુકાદાની કેસની હકીકત એવી છે કે, કો.પાસનરે સહીયારી જમીન તા.૧૮/૧૦/૧૯૯૬ નાં રોજ વેચાણ દસ્તાવેજથી વેચી દીઘેલ જેની જાણ વાદીને સત્તર વર્ષબાદ થયેલ અને જાણ થતા તા.૧૯/૧૧/૧૪ નાં રોજ દાવો દાખલ કરતા લોવર કોર્ટ દવારા સદર દાવો ઓ.૭ રૂ.૧૧ ડી હેઠળ સમય મર્યાદાનો બાઘ નડે છે એમ કહી કાઢી નાખેલો. જે ચુકાદો નામ.ગુજરાત હાઈકોર્ટે સીવીલ રીવીઝન એપ્લીકેશન નં.૭૬/૧૬ દવારા નીચલી કોર્ટનો ઓર્ડર કન્ફર્મ રાખેલો. જેથી પક્ષકારે સદર ચુકાદા વિરૂઘ્ઘ નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન ૩૫/૧૮ કરતા સુપ્રિમ કોર્ટે પોતાનાં ચુકાદાનાં પેરા ૧૧,૧૨ ૧૬ અને ૧૭ દવારા ત્રણ જજોની બેન્ચ દવારા એવુ ઠરાવેલ કે ઓર્ડર ૭ રૂલ ૧૧ (ડી) ની સમય મર્યાદા પ્લેન્ટમાં દર્શાવેલી તારીખ હોય ત્યાથી જ ગણાય પ્લેન્ટની બહાર જવાનુ રહેતુ નથી. આમ ઠરાવી લોઅર કોર્ટનો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો રીવર્સ કરેલો. આમ ઉપરોકત ચુકાદો કેસની હકીકત સાથે સંપુર્ણપણે બંઘ બેસતો અને સુસંગત છે. માટે સદર અરજી નીર્ણીત કરવા માટે તેના પર આઘાર

રાખવો ન્યાય માની નીચે મુજબ હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

પ્રતિવાદી નંબર–૧ ની આંક–૧૯ ની ઓર્ડર ૭ રૂલ–૧૧ (ડી) ની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

સદર અરજીનો ખર્ચ દાવાનાં આખરી હુકમ મુજબ મુજબ અનુસરવો.

હુકમ આજ રોજ તા.૦૧ લી ડીસેમ્બર સને ૨૦ ૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

લુણાવાડા.

તા.૦૧/૧૨/૨૦૨૨

(આઈ.એમ.સરદાર)
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ,લુણાવાડા
જી.જે.૦૦૭૩૦

**SELF**